## ભાગેડુ અભય રાણાના પ્રત્યાર્પણ માટે ભારતે પોર્ટુગલનો આભાર માન્યો

લંડન, તા. 11 (PTI): ભાગેડુ અભય રાણાના સફળ પ્રત્યાર્પણમાં સહકાર આપવા બદલ ભારતે પોર્ટુગલનો આભાર માન્યો છે. સરકારે આ પગલાને વિદેશમાં રહેતા વોન્ટેડ ગુનેગારોને પાછા લાવવાના તેના ચાલુ પ્રયાસોમાં એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે. હરિયાણા પોલીસ દ્વારા ખંડણી, ગુનાહિત ધમકી અને હત્યાના પ્રયાસ સહિતના અનેક ગુનાહિત કેસોમાં વોન્ટેડ રાણાને ઈન્ટરપોલ રેડ નોટિસ જારી થયા બાદ બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય પ્રત્યાર્પણ કરાર હેઠળ શનિવારે પોર્ટુગલથી પ્રત્યાર્પણ કરવામાં આવ્યો હતો.

# હિન્દુ મેરેજ એક્ટની જોગવાઈને પડકારતી અરજી સુપ્રીમે ફગાવી

**આ** અરજીમાં સાથે ન રહેવાના આધારે હિન્દુ મહિલાઓને છૂટાછેડા માંગવાનો અધિકાર આપતા કાયદાને પડકારાયો હતો

નવી દિલ્હી, તા. ૧૧ (PTI): સુપ્રીમ કોર્ટે સોમવારે હિંદુ મેરેજ એક્ટની એ જોગવાઈની બંધારણીય માન્યતાને પડકારતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો, જે ફક્ત પત્નીને જ છૂટાછેડા માંગવાનો અધિકાર આપે છે જો પતિ વિરુદ્ધ ભરણપોષણના આદેશ પછી એક વર્ષ કે તેથી વધુ સમય સુધી બન્ને સાથે ન રહેતા હોય.

બેન્ચે જણાવ્યું હતું કે, “તમારા અંગત ઝઘડાઓ પૂરા કરવા માટે ‘જાહેર હિતની અરજી’ના નામે કોર્ટનો ઉપયોગ કરશો નહીં.”

ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્ય બાગચીની બનેલી બેન્ચે કાયદાના વિદ્યાર્થી જિતેન્દ્ર સિંઘ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને ફગાવી દીધી હતી. અરજદારે પોતે રૂબરૂ હાજર રહીને હિંદુ મેરેજ એક્ટ હેઠળ છૂટાછેડાની જોગવાઈઓના ‘લિંગ-તટસ્થ’ અર્થઘટનની માંગ કરી હતી. હિંદુ મેરેજ એક્ટ, 1955ની કલમ 13(2)(iii) માત્ર પત્નીને જ છૂટાછેડા લેવાનો અધિકાર આપે છે જ્યાં પતિ વિરુદ્ધ ભરણપોષણના આદેશ પછી એક વર્ષ કે તેથી વધુ સમય સુધી બન્ને સાથે ન રહેતા હોય.



ચીનના બિજ્ઝહોમાં મુલાકાતીઓ ચાઇનીઝ પિયોનીના ખીલેલા ફૂલ નિહાળવા ઉમટ્યા છે. ચીનમાં ફૂલોના રાજા તરીકે ઓળખાતું, પિયોની ત્યાંની સંસ્કૃતિમાં સંપત્તિ, સન્માન અને સુંદરતાનું પ્રતીક છે, જે ઘણીવાર પરંપરાગત ચાઇનીઝ ચિત્રો અને સાહિત્યમાં દેખાય છે. આ ફુલ એપ્રિલના અંતથી મેની શરૂઆતના પખવાડિયા સુધી જોવાનો શ્રેષ્ઠ સમય છે.

## પેજ 3

### તમિલનાડુના મુખ્યમંત્રીપદે વિજયના શપથ ગ્રહણ પછી ત્રિશા કૃષ્ણન ભીડમાં ફસાઇ



ચેન્નાઈ, તા. 11 તમિલ અભિનેત્રી ત્રિશા કૃષ્ણન રવિવારે સુપરસ્ટાર વિજયના તમિલનાડુના નવા મુખ્યમંત્રી તરીકેના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપીને ચર્ચામાં આવી હતી. અને એવું લાગે છે કે માત્ર સોશિયલ મીડિયા પરના લોકો જ ત્યાં તેની હાજરી વિશે ઉત્સુક નહોતા. જ્યારે તે તેની માતા સાથે કાર્યક્રમ સ્થળ છોડવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે અભિનેત્રીને ભીડે ઘેરી લીધી હતી. વિજયે ચેન્નાઇના જવાહરલાલ નેહરુ ઇન્ડોર સ્ટેડિયમમાં તમિલનાડુના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્રિશા, જે તેની માતા ઉમા કૃષ્ણન સાથે સમારોહમાં ગઈ હતી, તેને બહાર નીકળવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો.

### ઇડીએ જેકલીન ફર્નાન્ડીઝની સરકારી સાક્ષી બનવાની અરજી નકારી



મુંબઈ, તા. 11 : અભિનેત્રી જેક્લીન ફર્નાન્ડીઝ કથિત મહાઠગ સુકેશ ચંદ્રશેખરના ગુનાહિત ઇતિહાસથી પૂરેપૂરી વાકેફ હતી, આમ છતાં તેણે તેની સાથે પોતાનો સંબંધ ચાલુ રાખવાનું પસંદ કર્યું, મોંઘીદાટ ભેટો સ્વીકારી અને ગેરકાયદે મેળવેલાં નાણાંનો આનંદ માણ્યો હતો. ૨૦૦ કરોડ રૂપિયાના મની લોન્ડરિંગ કેસમાં અભિનેત્રીની સરકારી સાક્ષી બનવાની ઇચ્છા વ્યક્ત કરતી અરજીનો વિરોધ કરતાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ સોમવારે કોર્ટમાં આ વાત કહી હતી. કેન્દ્રીય એજન્સીએ જણાવ્યું હતું કે, ખુદ ભોગ બનનાર હોવાનો તેનો દાવો રેકોર્ડ પરના પુરાવાઓથી વિપરીત છે.

### અફેરની અફવાઓ વચ્ચે ત્રિશા કૃષ્ણને લખ્યું: ‘ ’પ્રેમનો અવાજ હંમેશાં વધુ બુલંદ હોય છે’’



ચેન્નાઇ, તા. 11 : અભિનેત્રી ત્રિશા કૃષ્ણન રવિવારે ચેન્નાઇના જવાહરલાલ નેહરુ સ્ટેડિયમમાં તેના કથિત બોયફ્રેન્ડ અને અભિનેતામાંથી રાજનેતા બનેલા વિજયના શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહી હતી. ત્રિશા કૃષ્ણને શપથ ગ્રહણ સમારોહમાંથી પોતાની તસવીરોની એક શ્રેણી શેર કરી હતી. આ સમારોહ માટે, ત્રિશાએ સી-ફોર્મ ગ્રીન સાડી પહેરી હતી. જોકે, તેના કેપ્શને ઇન્ટરનેટનું ધ્યાન ખેંચ્યું હતું. તેમાં લખ્યું હતું, “પ્રેમનો અવાજ હંમેશાં વધુ બુલંદ હોય છે.”

## સુપ્રીમ કોર્ટે GHCAA પ્રમુખ યતિન ઓઝાની સજા પર રોક લગાવી

નવી દિલ્હી, તા. 11 (PTI) ‘માફીની છેલ્લી તક’ આપતાં સુપ્રીમ કોર્ટે સોમવારે ગુજરાત હાઈકોર્ટના એપ્રિલ 2024ના તે આદેશ પર રોક લગાવી દીધી છે, જેમાં ગુજરાત હાઈકોર્ટ એડવોકેટ્સ એસોસિએશનના પ્રમુખ યતિન ઓઝાને રાજ્યની ન્યાયપાલિકા વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરવા બદલ દોષિત ઠેરવીને કોર્ટની કાર્યવાહી પૂરી થાય ત્યાં સુધીની સજા ફટકારવામાં આવી હતી. જોકે, જસ્ટિસ જે. કે. મહેશ્વરી અને એ. એસ. ચાંદુરકરની બેન્ચે, નિર્દેશ આપ્યો હતો કે હાઈકોર્ટની ફૂલ કોર્ટ અપીલકર્તાના વર્તન પર ખેદ અને માફી વ્યક્ત કરતી તેમની બાંયધરીના પ્રકાશમાં દર બે વર્ષના અંતરે તેમના આચરણની સમય-સમય પર સમીક્ષા કરશે.

# તમિલનાડુમાં વિજય સહિત નવા ધારાસભ્યોએ શપથ લીધા

**શાસક,** વિપક્ષના ધારાસભ્યોને પ્રો-ટેમ સ્પીકરે શપથ લેવડાવ્યા

**અન્નાદ્રમુકના** એક ધારાસભ્ય રડી પડ્યા, સભા ગૃહમાં જ જયલલિતાને અંજલી આપી



ચેન્નાઈ, તા. 11(PTI): મુખ્યમંત્રી સી. જોસેફ વિજય, અન્ય નવ મંત્રીઓ, એડપ્પાદી કે. પલાનીસ્વામી સહિતના ભૂતપૂર્વ મુખ્યમંત્રીઓ, પૂર્વ નાયબ મુખ્યમંત્રી ઉધયનિધિ સ્ટાલિન અને નવા ચૂંટાયેલા ધારાસભ્યોએ સોમવારે તમિલનાડુ વિધાનસભામાં પદના શપથ લીધા હતા.

પ્રો-ટેમ સ્પીકર એમ. વી. કરપ્પૈયાએ વિજયના નેતૃત્વ અને વિજયની પ્રશંસા કરતા 17મી વિધાનસભાના પ્રથમ સત્રમાં ધારાસભ્યોના શપથ ગ્રહણની કાર્યવાહી શરૂ કરી હતી. ધારાસભ્ય તરીકે શપથ લેવામાં મુખ્યમંત્રી પ્રથમ હતા અને ત્યારબાદ મંત્રીઓ એન. આનંદ, આદવ અર્જુના, કે.જી. અરુણરાજ, કે.એ. સેંગોટ્ટયન, પી. વેંકટરમણન, આર. નિર્મલકુમાર, રાજમોહન અને ટી.કે. પ્રભુએ શપથ લીધા હતા.

ત્યારબાદ, ડીએમકે વિધાયક દળના નેતા અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી ઉધયનિધિ સ્ટાલિન, પૂર્વ મુખ્યમંત્રીઓ પલાનીસ્વામી અને ઓ. પન્નીરસેલ્વમ તથા અન્ય ધારાસભ્યોએ પદના શપથ લીધા હતા. વિજય, ઉધયનિધિ અને પન્નીરસેલ્વમ એવા લોકોમાં સામેલ હતા જેમણે નિષ્ઠાપૂર્વક પ્રતિજ્ઞા લઈને શપથ લીધા હતા. પલાનીસ્વામી અને પીએમકેના સૌમ્યા અંબુમણી એવા લોકોમાં હતા જેમણે ઈશ્વરના નામે શપથ લીધા હતા. પનરુટ્ટીના એઆઈએડીએમકે (AIADMK)ના ધારાસભ્ય કે. મોહન શપથ લેતી વખતે અચાનક રડી પડયા હતા અને દિવંગત મુખ્યમંત્રી જે. જયલલિતાની તસવીર તરફ હાથ જોડીને અંજલિ આપી હતી.

### મંત્રી કીર્તના પ્રમાણપત્ર જ લાવવાનું ભૂલી તો એક ધારાસભ્યઅન્યનું પ્રમાણપત્ર લાવ્યા !

શરૂઆતમાં, મંત્રી એસ. કીર્તના ધારાસભ્ય તરીકે શપથ લઈ શક્યા ન હતા કારણ કે તેઓ ચૂંટણીનું પ્રમાણપત્ર રજૂ કરી શક્યા ન હતા, જે શપથ લેવા માટે પૂર્વશરત છે તેમ એક અધિકારીએ જણાવ્યું હતું.જ્યારે વિધાનસભાના મુખ્ય સચિવ કે. શ્રીનિવાસને માઇક્રોફોન પર કીર્તનાનું નામ જાહેર કરીને તેમને આમંત્રિત કર્યા, ત્યારે તેઓ પોડિયમ તરફ ચાલ્યા હતા. જોકે, જ્યારે કીર્તના પોડિયમ પાસે પહોંચ્યા, ત્યારે શ્રીનિવાસને હાથ ઊંચો કરીને તેમની પાસે પ્રમાણપત્ર માંગ્યું હતું. તેમની પાસે પ્રમાણપત્ર તૈયાર ન હોવાથી અધિકારીએ તેમને શપથ લેવાની ના પાડી દીધી હતી. થોડા સમય પછી, કીર્તના તેમનું પ્રમાણપત્ર લઈને ગૃહમાં આવ્યા અને તેને મુખ્ય અધિકારીને સુપરત કર્યા બાદ પદના શપથ લીધા હતા. વેલાચેરીના ટીવીકે (TVK) ધારાસભ્ય આર. કુમાર જ્યારે પ્રમાણપત્ર સબમિટ કરીને શપથ લેવાની તૈયારીમાં હતા, ત્યારે શ્રીનિવાસને તેમને અટકાવ્યા હતા. તેમણે કુમારને ધ્યાન દોર્યું કે તેમણે સબમિટ કરેલા પ્રમાણપત્રમાં બીજા કોઈનું નામ છે.પછીથી જાણવા મળ્યું કે કુમાર તેમની બાજુમાં બેઠેલા પક્ષના સાથીદારનું પ્રમાણપત્ર ભૂલથી લઈ આવ્યા હતા.

# કેરળના મુખ્યમંત્રી પસંદગીમાં ખેંચતાણથીઅનિશ્ચિતતાયથાવત

**મુખ્યમંત્રીની** પસંદગીમાં વિલંબથી UDFના મુખ્ય સાથી પક્ષમાં રોષની લાગણી

**મુખ્યમંત્રી** પસંદગીનો નિર્ણય લટકાવી રાખવાનું કોંગ્રેસ અગાઉ કર્ણાટક, છત્તીસગઢમાં કરી ચુકી છે

નવી દિલ્હી/તિરુવનંતપુરમ, તા. 11 (PTI) : કેરળના આગામી મુખ્યમંત્રી કોણ હશે તે અંગેની સસ્પેન્સ અને અટકળો સોમવારે પણ ચાલુ રહી હતી. કોંગ્રેસ દ્વારા નિર્ણય લેવામાં વિલંબ થતાં યુનાઈટેડ ડેમોક્રેટિક ફ્રન્ટ (UDF) ના મુખ્ય સાથી પક્ષ IUML (ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ) નારાજ થયો છે. તેમણે ચેતવણી આપી છે કે આ મામલે લાંબી અનિશ્ચિતતાના રાજકીય પરિણામો આવી શકે છે.

સોમવારે કેરળના મુખ્યમંત્રીની પસંદગી બાબતે પણ કોંગ્રેસમાં અનિશ્ચિતતા ચાલુ રહી હતી. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે અને રાહુલ ગાંધીએ મુખ્ય ત્રણ દાવેદારો - રમેશ ચેન્નીથલા, કે. સી. વેણુગોપાલ અને વિદાય લેતી વિધાનસભાના વિપક્ષી નેતા વી. ડી. સતીશન - સાથે ચર્ચાઓ કરી તેના બે દિવસ બાદ પણ સ્થિતિ સ્પષ્ટ થઈ નથી. આ બેઠકમાં કેરળ પ્રદેશ કોંગ્રેસ સમિતિ (KPCC) ના વડા સની જોસેફ અને કેરળના પ્રભારી એઆઈસીસી મહાસચિવ દીપા દાસમુન્શી પણ હાજર હતા. તિરુવનંતપુરમના પક્ષના નેતાઓએ સંકેત આપ્યો છે કે ખરગે નેતૃત્વના મુદ્દે સોનિયા ગાંધીને મળે તે પછી નિર્ણય લેવામાં આવી શકે છે.

મુખ્યમંત્રીની પસંદગીના નિર્ણયને લટકાવી રાખવાની કોંગ્રેસની આ પહેલી ઘટના નથી. આ પહેલા 2023માં જ્યારે કોંગ્રેસ કર્ણાટક ચૂંટણી જીતી ત્યારે સિદ્ધારમૈયા અને ડી. કે. શિવકુમાર વચ્ચે ટોચના પદ માટે જોરદાર લોબિંગ જોવા મળ્યું હતું. અંતે, સમાધાન થયું અને સિદ્ધારમૈયાને મુખ્યમંત્રી અને શિવકુમારને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા. આ ઉપરાંત 2018માં છત્તીસગઢ, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં જીત બાદ પણ આવો જ વિલંબ જોવા મળ્યો હતો. મધ્યપ્રદેશમાં કમલનાથ અને જ્યોતિરાદિત્ય સિંધિયા, જ્યારે રાજસ્થાનમાં અશોક ગેહલોત અને સચિન પાયલટ મુખ્યમંત્રી પદના દાવેદાર હતા.

દિવસોની અનિશ્ચિતતા બાદ કમલનાથને મધ્યપ્રદેશની કમાન સોંપાઈ, જ્યારે રાજસ્થાનમાં ગેહલોત મુખ્યમંત્રી અને પાયલટ નાયબ મુખ્યમંત્રી બન્યા.

## નિદા ખાનને 24 મે સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવી

નાસિક, તા. 11 (PTI): નાસિકની એક અદાલતે સોમવારે ટીસીએસ જાતીય સતામણી અને બળજબરીપૂર્વક ધર્માંતરણ કેસની આરોપી નિદા ખાનને 24 મે સુધી ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપી છે. પોલીસ રિમાન્ડ પૂર્ણ થયા બાદ ખાનને એડિશનલ સેશન્સ જજ કે. જી. જોશીની કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. આઈટી ક્ષેત્રની અગ્રણી કંપની (ટીસીએસ)ના નાસિક યુનિટના સ્ટાફ દ્વારા ફરિયાદ કરવામાં આવ્યા બાદ આ મામલો સામે આવ્યો હતો, ત્યારથી નિદા ખાન ફરાર હતી.

## મોદીની બેંગલુરુ મુલાકાત વેળા બોમ્બની ધમકી આપનાર કલાકમાં પકડાયો

બેંગલુરુ, તા. 11 (PTI): પીએમ નરેન્દ્ર મોદીની બેંગલુરુ મુલાકાત દરમિયાન બોમ્બની ધમકીને કારણે સર્જાયેલા ટૂંકા સુરક્ષા ભયના એક દિવસ પછી શહેરના પોલીસ કમિશનર સીમંત કુમાર સિંહે સોમવારે જણાવ્યું હતું કે, આ એક અફવા કોલ હતો અને ટેક્નિકલ દેખરેખનો ઉપયોગ કરીને આરોપીને એક કલાકની અંદર અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, રવિવારે સવારે 8.29 વાગ્યાની આસપાસ એક અજ્ઞાત વ્યક્તિએ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કર્યો હતો અને દાવો કર્યો હતો કે તેણે કનકપુરા રોડ પર આર્ટ ઓફ લિવિંગ ફાઉન્ડેશનના સ્થળ પાસે બોમ્બ પ્લાન્ટ કર્યો છે, જ્યાં મોદી એક કાર્યક્રમમાં હાજરી આપવાના હતા.

# સરહદી વાડ બનાવવા BSFને જમીન તબદીલીને બંગાળ કેબિનેટની મંજૂરી

**સુવેન્દુ** અધિકારીની કેબિનેટે પશ્ચિમ બંગાળને આયુષ્યમાન ભારત સહિતની કેન્દ્રીય યોજનાઓમાં જોડાવાની પણ મંજૂરી આપી

કોલકાતા, તા. 11(PTI): પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ સોમવારે વહીવટી અને નીતિગત નિર્ણયોની હારમાળા જાહેર કરી હતી, જેમાં રાજ્યનો કેન્દ્રની આયુષ્માન ભારત આરોગ્ય યોજનામાં સમાવેશ, સરહદી વાડ માટે BSFને જમીન ટ્રાન્સફર અને BNS ફોજદારી કાયદાના અમલીકરણનો સમાવેશ થાય છે.

પશ્ચિમ બંગાળમાં ભાજપ સરકારની પ્રથમ કેબિનેટ બેઠક દરમિયાન આ નિર્ણયો લેવામાં આવ્યા હતા, જેની અધ્યક્ષતા અધિકારીએ કરી હતી અને તેમાં શપથ લેનારા પાંચ મંત્રીઓ સહિત વરિષ્ઠ અમલદારો હાજર રહ્યા હતા. મુખ્યમંત્રીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, બંગાળ હવે આયુષ્માન ભારત યોજનાની સાથે પીએમ જન આરોગ્ય યોજના, ખેડૂતો માટે પાક વીમો આપતી પીએમ ફસલ વીમા યોજના, સરકારી શાળાઓના અપગ્રેડેશન માટે પીએમ શ્રી યોજના અને કારીગરો તથા શિલ્પકારોને ટેકો આપતી પીએમ વિશ્વકર્મા યોજના જેવા અનેક કેન્દ્રીય કલ્યાણકારી પ્રોજેક્ટ્સનો હિસ્સો બનશે.

મહિલા શિક્ષણ અને સશક્તિકરણ માટે બેટી બચાવો બેટી પઢાવો યોજના અને સબસિડીવાળા રસોઈ ગેસ જોડાણો માટેની ઉજ્જવલા 3.0 યોજના પણ રાજ્યમાં લાગુ કરવામાં આવશે. આરોપ છે કે અગાઉના મમતા બેનર્જી શાસન હેઠળ રાજકીય કારણોસર આ તમામ યોજનાઓ રાજ્યના લોકોથી દૂર રાખવામાં આવી હતી. અધિકારીએ પુષ્ટિ કરી હતી કે નવી સરકાર હાલની કોઈ પણ રાજ્ય યોજનાઓ બંધ કરશે નહીં.

તેમણે ઉમેર્યું, જોકે, અમે એવા લોકોની ઓળખ કરીશું અને તેમને દૂર કરીશું જેઓ અપાત્ર છે, જેમ કે મૃતકો અને બિન-ભારતીયો, જેઓ આ દેશના લોકો માટે નિર્ધારિત કલ્યાણકારી સહાય મેળવી રહ્યા છે. ગેરકાયદેસર સરહદ પારના સ્થળાંતરને રોકવા માટે બાંગ્લાદેશ સાથેની દેશની છિદ્રાળુ સરહદોને સીલ કરવાના કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહના વચનોનો અમલ કરતા, અધિકારી કેબિનેટે તેની પ્રથમ બેઠકમાં સરહદી વાડ બનાવવા માટે BSF ને જમીન ટ્રાન્સફર કરવાની પ્રક્રિયા શરૂ કરવાની મંજૂરી આપી હતી.

## બોત્સવાનાથી આવેલા વધુ બે ચિત્તાને કુનોના જંગલમાં મુક્ત કરાયા

શ્યોપુર (MP), તા. 11 (PTI): મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે સોમવારે બોત્સ્વાનાથી લાવવામાં આવેલા બે ચિત્તાઓને તેમનો ક્વોરન્ટાઇન સમયગાળો પૂર્ણ થયા બાદ કુનો નેશનલ પાર્કના ખુલ્લા જંગલમાં મુક્ત કર્યા હતા. નાઈજીરીયા, દક્ષિણ આફ્રિકા અને હવે બોત્સ્વાનાથી લાવવામાં આવેલા ચિત્તાઓનું પુનઃસ્થાપન સતત સફળતા મેળવી રહ્યું છે અને આજે મધ્ય પ્રદેશે દેશભરમાં ‘ચિત્તા રાજ્ય’ તરીકે ઓળખ મેળવી છે. એમ મુખ્યમંત્રીએ આ પ્રસંગે જણાવ્યું હતું. યાદવે કુનો નદીના કિનારે આવેલા એક સ્થળે ઓળખ નંબર સીસીવી-2 અને સીસીવી-3 ધરાવતી માદા ચિત્તાઓને મુક્ત કરી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે, આનાથી ‘પ્રોજેક્ટ ચિત્તા’ને વેગ મળશે અને ભારતના વન્યજીવ સંરક્ષણ ઈતિહાસમાં વધુ એક મહત્ત્વપૂર્ણ પ્રકરણ ઉમેરાશે.

# મનરેગાનુંસ્થાનલેનારVB-GRAM G યોજના પહેલી જુલાઈથી અમલી

**કામદારોના** હાલના મનરેગા જોબકાર્ડ નવા કાર્ડ અપાય નહીં ત્યાં સુધી માન્ય ગણાશે

નવી દિલ્હી, તા. ૧૧(PTI): કેન્દ્ર સરકારે સોમવારે જાહેરાત કરી હતી કે ‘વિકસિત ભારત - ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ)’ (VB-G RAM G) અધિનિયમ ૧ જુલાઈથી સમગ્ર દેશમાં અમલમાં આવશે, જે બે દાયકા જૂના મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ (MGNREGA)નું સ્થાન લેશે. મંત્રાલયે જણાવ્યું હતું કે નવા અધિનિયમમાં એક નવું માળખું હશે જે ગ્રામીણ પરિવારોને ૧૨૫ દિવસની કાયદેસરની વેતન રોજગારીની ખાતરી આપે છે.

ગ્રામીણ વિકાસ મંત્રાલયે એક નિવેદનમાં આ ફેરફારને ભારતની ગ્રામીણ વિકાસ સંરચનામાં એક ઐતિહાસિક પરિવર્તન ગણાવ્યું હતું, જે વિકસિત ભારત @2047” ના વિઝન સાથે સુસંગત છે. આ કાયદો આજીવિકાની સુરક્ષા, ગ્રામીણ આવક અને ગ્રામ્ય સ્તરે પાયાની સુવિધાઓના વિકાસને મજબૂત કરવાની સાથે ભવિષ્ય માટે સજ્જ અને ઉત્પાદકતા-લક્ષી ગ્રામીણ પરિવર્તન લાવવાનો પ્રયાસ કરે છે. મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામા મુજબ, VB-G RAM G એક્ટ ૧ જુલાઈથી તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલમાં આવશે અને તે જ તારીખથી મનરેગા (MGNREGA) રદ કરવામાં આવશે.

મંત્રાલયના નિવેદનમાં ખાતરી આપવામાં આવી છે કે મનરેગાથી નવા માળખામાં પરિવર્તન પ્રક્રિયા કોઈપણ વિક્ષેપ વગર સરળ રહેશે. જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, ૩૦ જૂન મુજબના મનરેગા હેઠળ ચાલતા કામો સુરક્ષિત રખાશે અને તેને નવા માળખામાં સીમલેસ રીતે આગળ ધપાવવામાં આવશે. હાલના e-KYC ચકાસાયેલ મનરેગા જોબ કાર્ડ જ્યાં સુધી નવા ગ્રામીણ રોજગાર ગેરંટી કાર્ડ ઈશ્યૂ ન થાય ત્યાં સુધી માન્ય રહેશે. જે કામદારો પાસે જોબ કાર્ડ નથી તેઓ ગ્રામ પંચાયત સ્તરે નોંધણી ચાલુ રાખી શકે છે અને પેન્ડિંગ e-KYC ને કારણે કોઈ પણ શ્રમિકને રોજગારી નકારવામાં આવશે નહીં.

# હંટાવાયરસગ્રસ્ત જહાજમાંથી વધુ ત્રણ પર્યટકો ચેપગ્રસ્ત જણાયા

**એક** ફ્રેન્ચ મહિલા અને એક અમેરિકન પુરુષનો ટેસ્ટ પોઝિટિવ, એક અમેરિકન મુસાફરમાં હંટાવાયરસના હળવા લક્ષણો દેખાયા

**ક્રૂઝ** જહાજમાંથી મુસાફરોને સ્વદેશ લઇ જવાની કામગીરી સોમવારે પણ ચાલુ રહી



ધ હેગ, તા. ૧૧(એપી): એક ફ્રેન્ચ મહિલા અને બે અમેરિકનોમાં સોમવારે હન્ટાવાયરસના પોઝિટિવ રિપોર્ટ આવ્યા અથવા તેના લક્ષણો જોવા મળ્યા છે. આ દરમિયાન, વિશ્વભરના દેશો આ વાયરસના પ્રકોપનો ભોગ બનેલા ક્રૂઝ શિપના મુસાફરોને પરત લાવવા અને તેમને ક્વોરન્ટાઇન અથવા આઇસોલેટ કરવા માટે પ્રયત્નો કરી રહ્યા છે.

કેનરી ટાપુમાં જહાજ લાંગર્યા બાદ, રવિવારથી પર્યટકોએ લશ્કરી અને સરકારી વિમાનો દ્વારા સ્વદેશ જવા રવાના થયાનું શરૂ કર્યું હતું. ટેનેરીફમાં મુસાફરોને જહાજથી કિનારા સુધી લઈ જવા માટે સંપૂર્ણ સુરક્ષાત્મક ગિયર(PPE કીટ) અને શ્વાસ માટેના માસ્ક પહેરેલા કર્મચારીઓ તૈનાત હતા, જે કામગીરી સોમવારે પણ ચાલુ રહી હતી. ફ્રાન્સના સ્વાસ્થ્ય મંત્રી સ્ટેફની રિસ્ટાએ સોમવારે જણાવ્યું હતું કે, ફ્રેન્ચ મહિલાનો હન્ટાવાયરસ રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે અને રાતોરાત હોસ્પિટલમાં તેની તબિયત વધુ બગડી છે. આ મહિલા એમવી હોન્ડિયસ જહાજમાંથી રવિવારે પેરિસ પરત લાવવામાં આવેલા પાંચ ફ્રેન્ચ મુસાફરોમાંની એક હતી.

# TVKનેટેકાનીબાબતમાં અન્નાદ્રમુકમાં વિખવાદ

**પક્ષ** વડા પલાનીસ્વામી સામે બળવાના સંકેત

ચેન્નાઈ, તા. 11(PTI): તાજેતરની ચૂંટણીમાં થયેલા કારમા પરાજયને કારણે AIADMKમાં આંતરિક વિખવાદ સર્જાયો છે, જેમાં તમિલનાડુમાં સત્તારૂઢ TVKને સમર્થન આપવા બાબતે ધારાસભ્યો વિભાજિત થયા છે, જ્યારે પક્ષના વડા એડપ્પાદી કે. પલાનીસ્વામી સામે બળવાના સંકેતો પણ જોવા મળ્યા હતા.

કુલ 234 બેઠકોમાંથી 167 બેઠકો પર ચૂંટણી લડ્યા બાદ, પક્ષ માત્ર 47 બેઠકો કબજે કરવામાં સફળ રહ્યો હતો.

તમામ રાજકીય પક્ષોએ પોતપોતાના વિધાયક પક્ષના નેતાઓ પહેલેથી જ ચૂંટી લીધા હોવા છતાં, પક્ષમાં ચાલી રહેલી તિરાડને કારણે AIADMK હજુ સુધી તેના ગૃહના નેતા નક્કી કરી શક્યું નથી. આ આંતરિક લડાઈ ત્યારે સ્પષ્ટપણે જોવા મળી જ્યારે સોમવારે AIADMKના ધારાસભ્યો બે જૂથમાં વિધાનસભામાં આવ્યા હતા, જેમાંથી એકનું નેતૃત્વ પૂર્વ મંત્રી એસ.પી. વેલુમણી અને બીજાનું નેતૃત્વ પલાનીસ્વામી કરી રહ્યા હતા.

તલવાઈ સુંદરમના નેતૃત્વમાં AIADMK ધારાસભ્યોના એક જૂથે પ્રોટેમ સ્પીકર કરપ્પૈયાને પત્ર આપીને તેમના પક્ષના મહામંત્રી પલાનીસ્વામીને વિધાયક પક્ષના નેતા તરીકે જાહેર કરવાની માંગ કરી હતી. બીજી તરફ, વેલુમણીની આગેવાની હેઠળના બળવાખોર જૂથે અન્ય એક પત્ર આપીને માંગ કરી હતી કે પ્રોટેમ સ્પીકર સી.વી. શણમુગમને તેમના પક્ષના ગૃહના નેતા તરીકે માન્યતા આપે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પલાનીસ્વામીને ટેકો આપતા સુંદરમની આગેવાની હેઠળના જૂથમાં 17 ધારાસભ્યો છે, જ્યારે ગૃહના નેતા તરીકે શણમુગમને ટેકો આપતા વેલુમણીની આગેવાની હેઠળના જૂથને 30 ધારાસભ્યોનું સમર્થન છે.

## બંગાળમાં જજનો ઘેરાવ : બે માસમાં તપાસ પુરી કરવા NIAને સુપ્રીમનો આદેશ

નવી દિલ્હી, તા. ૧૧(પીટીઆઇ): સુપ્રીમ કોર્ટે સોમવારે નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી(NIA)ને પશ્ચિમ બંગાળના માલદા જિલ્લામાં ૧ એપ્રિલના રોજ થયેલી હિંસાની તપાસ બે મહિનામાં પૂર્ણ કરવા જણાવ્યું છે. આ હિંસા દરમિયાન ટોળાએ સાત ન્યાયિક અધિકારીઓને નવ કલાક સુધી કેદ કરી રાખ્યા હતા. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચે જણાવ્યું હતું કે, NIAએ તપાસ પૂર્ણ કર્યા બાદ સક્ષમ અધિકારક્ષેત્ર ધરાવતી કોર્ટમાં પોતાનો રિપોર્ટ દાખલ કરવો જોઈએ. બેન્ચે પૂછ્યું હતું કે, તપાસની સ્થિતિ શું છે? શું તે પૂર્ણ થઈ ગઈ છે? NIA તરફથી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ એસ.વી. રાજુએ જણાવ્યું હતું કે તેઓ વિગતવાર સ્ટેટસ રિપોર્ટ ફાઈલ કરશે. બેન્ચે નોંધ્યું હતું કે, અમારો અભિપ્રાય છે કે NIA વહેલી તકે, ઇચ્છનીય રીતે બે મહિનાના સમયગાળામાં તપાસ પૂર્ણ કરે... તમે તમારી ચાર્જશીટ દાખલ કરો. કાયદો તેનું કામ કરશે.



# કાઠમંડુમાં લેન્ડિંગ સમયે પ્લેનમાં આગ, તમામ સુરક્ષિત

**227** મુસાફરો અને 11 ક્રુ મેમ્બર્સ સહિતના તમામને સુરક્ષિત બહાર કાઢી લેવાયા

કાઠમંડુ, તા. 11 (PTI): સોમવારે સવારે નેપાળના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ (ટીઆઈએ) પર ઉતરાણ દરમિયાન ટર્કિશ એરલાઈન્સના એક વિમાનમાં આગ લાગી હતી, જેના કારણે લગભગ બે કલાક સુધી ફ્લાઈટ કામગીરી સ્થગિત કરવાની ફરજ પડી હતી. એમ એરપોર્ટ અધિકારીઓએ જણાવ્યું હતું. અધિકારીઓએ કહ્યું હતું કે, વિમાનમાં 277 મુસાફરો અને ક્રૂના 11 સભ્યો સવાર હતા અને તમામ સુરક્ષિત છે. આ ઘટના સવારે 6:36 વાગ્યે બની હતી જ્યારે ઈસ્તંબુલથી આવી રહેલી ટર્કિશ એરલાઈન્સની ફ્લાઈટ ટીકે 726 એરપોર્ટ પર ઉતરાણ કરતી વખતે તેના પાછળના વ્હીલમાં આગ લાગી હતી. આ ઘટના બાદ એરપોર્ટની કામગીરી અટકાવી દેવામાં આવી હતી અને આગ પર કાબૂ મેળવવા માટે ફાયર ફાઈટરોને ઘટનાસ્થળે મોકલવામાં આવ્યા હતા.

અધિકારીઓએ જણાવ્યું કે તમામ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સને વિમાનમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.